# શિવજયંતી એક સાર્વભૌમિક ઉત્સવ

આ એક વિડમ્બના જ કહેવાય છે, કે જે સર્વશક્તિમાન પરમાત્માને લોકો પોતાના વિચારો અને ભાવનાઓથી યાદ કરે છે. પરંતુ તેના યથાર્થ રૂપને જાણતા જ નથી. સૃષ્ટિના નિયંતા પરમાત્માની અદ્‌ભૂત રચનાને જોઈ તેના ગુણગાન તો ઘણા લોકો કરતા આવ્યા છે. પરંતુ એ પરમ ચૈતન્ય પરમાત્માનો યથાર્થ અને અલૌકિક અનુભવ નથી. આશ્ચર્ય તો એ છે કે, પરમાત્માને ન જાણવા છતાં તેને યાદ કરે છે. એવું પ્રતિત થાય છે કે, આત્માઓના સુક્ષ્મ નેત્રોની સામે કોઈ મૂર્ત રૂપ ન હોવા છતાં ક્યાંય ને ક્યાંય એના અંર્તમનમાં એ વિચિત્ર નિરાકાર પરમાત્માની અસ્પષ્ટ છબી અવશ્ય હોય છે. જેને તેની ભ્રમિત બૃધ્ધિ સમજી નથી સકતી.

ભૂતકાળમાં અનેક ઋષિમુનિઓએ ઘોર તપસ્યા કરી અંતમાં નેતિ નેતિ કહી દીધું, પરમાત્માનો અંત પામવો કઠિન છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રગતિ કરવાવાળા વૈજ્ઞાનિકો એ પણ કહી દીધું છે કે, જ્યાં વિજ્ઞાન સમાપ્ત થાય છે. ત્યાંથી આધ્યાત્મ શરૂ થાય છે. વિજ્ઞાન કેવળ એ જ કહે છે કે, આ બ્રહ્માંડમાં આકાશ ગંગાઓથી પાર કોઈ એવી ઉર્જાનો સ્ત્રોત છે જે આ બધી ઉર્જાઓને નિયંત્રિત કરે છે. એ સ્ત્રોત શું છે? એના જવાબમાં વિજ્ઞાન પણ મૌન છે. વિજ્ઞાન કેવળ એટલું જ કહે છે કે આ સંપૂર્ણ બ્રહ્માંડ વિશે જે પણ અત્યાર સુધી જાણ્યું છે. તે આ વિશાળ મહાસાગરની તુલનામાં કેવળ એક બુંદની બરાબર છે.

પ્રકૃતિની ઉર્જાથી પ્રભાવિત માનવ આધ્યાત્મિક શક્તિના અસીમ સ્ત્રોત પરમાત્માને નથી જાણી શકતો. છતાં પણ એક સમાન્ય મનુષ્યને પરમાત્મા દિવ્ય શક્તિઓનો અહેસાસ જ નથી થતો અને નથી માનવબુદ્ધિ સુક્ષ્મ શક્તિઓની રહસ્યમયી ગતિવિધીઓની બાબતમાં વિચાર કરવામાં સમર્થ હોતી એટલા માટે એ સ્પષ્ટ સમજવાની વાત છે કે પરમાત્મા અને એની સુક્ષ્મ, અતિ સુક્ષ્મ શક્તિઓને સાધારણ બુદ્ધિથી સમજી શકાતી નથી. પરમાત્માના અસ્તિત્વને સમજવા અને એની સાથે પરમમિલનનો અનુભવ કરવા માટે કેવળ વિદ્વાન હોવું જ જરૂરી નથી.

પરમાત્માનો યથાર્થ પરિચય સ્વયં પરમાત્મા જ આપે છે. પરમાત્માનું દિવ્ય અવતરણ થાય છે. સૃષ્ટિના મહાપરિવર્તનમાં પરમાત્માની મુખ્ય ભૂમિકા છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોતાં એ સ્પષ્ટ થાય છે કે ઉર્જાના એક રૂપનું બીજા રૂપમાં પરિવર્તન થવું અથવા સતોપ્રધાનમાંથી તમોપ્રધાનમાં પરિવર્તન થવું એ એક સમયના ચક્રીય ક્રમમાં જ થાય છે. તમોપ્રધાન ઉર્જાને સતોપ્રધાનમાં પરિવર્તન કરવું એ સૃષ્ટિનું નવીનીકરણ કહેવાય છે.

સૃષ્ટિના નવનિર્માણ કરવાના આ ક્રમમાં ઉર્જાના મહાસ્ત્રોત પરમાત્માને સાધારણ માનવીય શરીરમાં દિવ્ય અવતરણની દિવ્ય ઘટના પણ એવાં જ સમય પર બને છે. જ્યારે સૃષ્ટિની તાત્ત્વિક ઉર્જાઓ તમોપ્રધાન બની જાય છે. તાત્ત્વિક ઉર્જાઓનું તમોપ્રધાન થવું અને ચૈતન્ય અભૌતિક આત્માઓનું પતિત બનવું એ સાથે સાથે થાય છે. એટલા માટે જ કહેવાય છે. કે યદા યદા હી ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ......અર્થાત જ્યારે ધર્મની અતિ ગ્લાની થાય છે. ત્યારે પરમાત્માનું અવતરણ થાય છે. જ્યારે આ સૃષ્ટિના સમય ચક્રનો અંતિમ સમય છે. અત્યારે બધા પ્રકારની તાત્ત્વિક ઉર્જાઓ સંપૂર્ણ તમોપ્રધાન અવસ્થાને પ્રાપ્ત કરી ચુકી છે. હવે આ ધરાધામ અને સંપૂર્ણ બ્રહ્માંડ તેની પૂર્વવત સ્થિતીમાં આવી જશે. આ સંસાર પરિવર્તનની પ્રક્રિયાથી ફરીથી સતયુગમાં પરિવર્તન થશે.

વિજ્ઞાનના મત અનુસાર પદાર્થ કે તત્વનું જેટલું સુક્ષ્મ સ્વરૂપ હોય છે. એટલું જ અધિક શક્તિશાળી પણ હોય છે. અધ્યાત્મ વિજ્ઞાનની સુક્ષ્મતા એનાથી પણ આગળનો ક્રમ છે. ગુણો અને શક્તિઓના સાગર હોવાને કારણે પરમાત્માને વિશેષણાત્મક રૂપમાં સર્વશક્તિમાન કહેવાય છે. એ એટલા માટે સર્વશક્તિમાન છે. કારણ કે, તે અત્યંત સુક્ષ્મ તે સુક્ષ્મ છે. વિજ્ઞાનના મત મુજબ એ સાબિત થયું છે કે, કોઈપણ ભૌતિક પદાર્થ કે તત્વનો એક આકાર હોય છે. બરાબર એજ રીતે અભૌતિક અસીમ ચૈતન્ય શક્તિ પરમાત્માનો પણ એક દિવ્ય આકાર હોય છે. જેમ જડનો આકાર હોય છે. તો એનું નામ પણ હોય છે. નામ વગરની કોઈ વસ્તુ હોતી નથી. બરાબર એ જ રીતે સર્વશક્તિમાન નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્માનો પણ આકાર અને નામ બંને હોય છે. એનું ગુણ અને કર્તવ્યવાચક નામ ''શિવ'' છે. પરમાત્માનું અભૌતિક રૂપ સુક્ષ્મ તે સુક્ષ્મ દિવ્ય ''બિંદુ'' અને સ્વરૂપ ''જ્યોતિ'' છે. ભૌતિક પદાર્થની જેમ અભૌતિક દિવ્ય શક્તિ પરમાત્માની એની શક્તિઓ અને પવિત્રતાને કારણે જડ ચૈતન્યને દિવ્યમાન કરવાની આત્મા પ્રાપ્ત થાય છે.

મુસલમાન ભાઈઓ મૂર્તિપૂજા નથી કરતા છતાં પણ મક્કામાં સંગ-એ-અસવદ્ નામના પથ્થરને આદરપૂર્વક ચુમે છે, કારણકે તેમનો એ દ્રઢ વિશ્વાસ છે કે આ ભગવાને મોકલેલ છે. આમ જો તેઓને એ ખબર પડી જાય કે ખુદા અથવા ભગવાન શિવ એક જ છે. તો બંને ધર્મોમાં ભાવાત્મક એકતા સ્થાપિત થઈ શકે તેમ છે. એ જ રીતે મૂસાએ જેહોવાનું જે વર્ણન કર્યું છે તે જ્યોતિબિંદુ પરમાત્માની જ યાદગાર છે. આ રીતે વિવિધ ધર્મો વચ્ચે મૈત્રી ભાવના સ્થાપન થઈ શકે છે.

રામેશ્વરમાં રામના ઈશ્વર શિવ, વૃંદાવનમાં શ્રીકૃષ્ણના ઈષ્ટ ગોપેશ્વર શિવના ચિત્રોથી સ્પષ્ટ છે કે સર્વ આત્માઓના આરાધ્ય પરમપિતા પરમાત્મા શિવ જ છે. શિવરાત્રીનો તહેવાર સર્વ ધર્મનો તહેવાર છે તથા ધર્મવાળા માટે ભારત તીર્થ સ્થાન છે. જો આ રીતે પરમાત્માનો યથાર્થ પરિચય આપવામાં આવે તો વિશ્વનો ઈતિહાસ અલગ હોત તથા સામ્પ્રદાયિક ઝઘડા, ધાર્મિક મતભેદ, રંગભેદ, જાતિભેદ વિગેરે ન હોત. ચારે તરફ ભાઈચારાની ભાવના હોત. આજે ફરી એ પળ છે, એ દશા છે, એ જ રાત છે, જયારે માનવ સમાજ પતનની ટોચ સુધી પહોંચી ચૂક્યો છે. આવા સમયે કલ્પની મહાનથી મહાન ઘટના તથા દિવ્ય સંદેશ સંભળાવતા અમને ખૂબ ખુશી થઈ રહી છે કે કળિયુગના અંત અને સતયુગની શરૂઆતના આ સંગમયુગમાં જ્ઞાનસાગર પ્રેમ તથા કરૂણાના સાગર પતિત-પાવન, સ્વયંભૂ પરમાત્મા શિવ આપણે મનુષ્ય આત્માઓની બુઝાઈ ગયેલ જ્યોતિ જગાવવા માટે અવતરિત થઈ ચૂક્યા છે. તેઓ સાકાર પ્રજાપિતા બ્રહ્માના માધ્યમ દ્વારા સહજ જ્ઞાન તથા સહજ રાજયોગના શિક્ષણ દ્વારા વિકારોના બંધનથી મુક્ત કરી નિર્વિકારી પાવન દેવપદની પ્રાપ્તિ કરાવી દૈવી સ્વરાજયની ફરીથી સ્થાપના કરાવી રહ્યા છે. આ માટે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સમગ્ર વિશ્વમાં ૧૨૦ દેશોમાં પોતાના ૮૦૦૦થી વધુ સેવાકેન્દ્રોના માધ્યમ દ્વારા ૭૩મી શિવરાત્રીનું પાવન પર્વ ખૂબ ધામધૂમથી ઉજવી રહેલ છે. આવો, આપણે સૌ તેમાં ભાગ લઈ, નિર્વિકારી બનવાની પ્રતિજ્ઞા કરીએ.